# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૧૫/૦૩/૨૦૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,

યુનિવર્સિટી કેમ્પસ,

યુનિવર્સિટી રોડ,

રાજકોટ–૫

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની માર્ચ માસની સામાન્ય સભા મંગળવાર, તા.૧૫/૦૩/૨૦૧૬ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે સિન્ડિકેટ મીટીગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમા સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ – કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ––ખાલી–– |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડો. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૭. | પ્રિ. ડો. ધરમભાઈ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ડો. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડો. રમેશભાઈ ડી. વાધાણી | ગેરહાજર |
| ૧૦. | ડો. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | શ્રી પ્રશાંતભાઈ વ્હાવલા | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડો. ગીરીશભાઈ સી. ભીમાણી | ગેરહાજર |
| ૧૪. | શ્રી નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | શ્રી પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૬. | ડો. વર્ષાબેન પી.છીછીયા | હાજર |
| ૧૭. | શ્રી અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૮. | ડો.મનીષ મહેતા | હાજર |
| ૧૯. | શ્રી જે.પી.જેસ્વાની | હાજર |
| ૨૦. | ડો.અમિત આર.હપાણી | હાજર |

૧
સિન્ડિકેટ

સિન્ડિકેટની તા.૨૮/૧૨/૨૦૧૫ની મીનીટસ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૨૮/૧૨/૨૦૧૫ની મિનિટસ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૦/૧૨/૨૦૧૫ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૧૦/૧૨/૨૦૧૫ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૩ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૮/૧૨/૨૦૧૫ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની તા.૨૮/૧૨/૨૦૧૫ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૪ પરીક્ષા–૫ — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ ૧૮(૧) (vii)ની જોગવાઈના સંદર્ભમાં આગામી માર્ચ–૨૦૧૬ની સેનેટ સભામાં જે વિદ્યાર્થીઓએ પદવી/ડિપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભરેલ હોય અને પદવી/ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય, તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ ૧૫૮ માં દર્શાવેલ પદવી/ડીપ્લોમાં સેનેટ સભામાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ ૧૮(૧)(vii) અન્વયે ભલામણ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ–૧૮ (૧) (vii) મુજબ તા. ૨૭/૦૩/૨૦૧૬ના રોજ મળનાર સેનેટની સભામાં યોજાનાર પદવીદાન સમારંભમાં જે વિદ્યાર્થીઓએ આવેદનપત્ર ભર્યા હોય અને પદવી/ડીપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીને સ્ટેચ્યૂટ–૧૫૮માં દર્શાવેલ જે તે પદવી/ડીપ્લોમાં સેનેટ સભામાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને ભલામણ કરવી.**

૫ બાંધકામ — એસ્ટેટ કમિટિની તા.૦૫/૦૧/૨૦૧૬ ને મંગળવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૦૫/૦૧/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૦૫/૦૧/૨૦૧૬ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.**

૬ બાંધકામ એસ્ટેટ કમિટિની તા.૨૩/૦૧/૨૦૧૬ ને શનિવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૨૩/૦૧/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૨૩/૦૧/૨૦૧૬ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.**

૭ બાંધકામ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીની લીઝની મુદ્દત વધારવા બાબત.

(નોંધ : ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીને બીલ્ડીગ વ્યવસ્થા યુનિવર્સિટી કેમ્પસમાં જુના સીમેન્ટ ગોડાઉન બીલ્ડીગમાં લીઝથી આપવામાં આવે છે. આ લીઝની મુદ્દત સિન્ડિકેટની તા.૨૩/૦૩/૨૦૧૫, ઠરાવ ક્રમાંક ૩૩ થી વધુ એક વર્ષ લંબાવવામાં આવેલ હતી. તેમજ ભાડુ પ્રતિમાસ ₹૧૦,૦૦૦/– નકકી કરવામાં આવેલ છે. જે મુદ્દત તા.૩૧/૦૭/૨૦૧૬ના રોજ પૂર્ણ થાય છે. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના રીજીઓનલ ડાયરેકટરના પત્ર ક્રમાંક IG/RC-42/RCLand/2016/2185, તા.૦૪/૦૧/૨૦૧૬ થી લીઝની મુદ્દત ૩ વર્ષ વધારવા વિનંતી કરવામાં આવેલ છે. આ બાબતે ચર્ચા વિચારણા કરી નિર્ણય કરવા બાબત.)

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કરારની મુદત વધુ ત્રણ વર્ષ લંબાવવા માટે મંજૂરી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વધારવામાં આવેલી મુદત માટે સુધારેલુ ભાડુ નકકી કરવા માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.**

૮ હિસાબ ફાઈનાન્સ કમિટિની તા.૨૩/૦૧/૨૦૧૬ ને શનિવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૩/૦૧/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૩/૦૧/૨૦૧૬ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.**

૯ એકેડેમિક બિઝનેશ મેનેજમેન્ટ વિદ્યાશાખાના M.Phil. (Management)ના પોગ્રામ સંદર્ભે Faculty of Business Management ને સંબંધિત સ્ટેચ્યુટ ૯૭, ૯૮ અને સ્ટેચ્યુટ ૧૫૮ (૧૩) નીચે મુજબની વિગતે નવા વિષયો/પદવી નોંધવા/સુધારવા બાબતે માન.કુલપતિશ્રીએ ફેકલ્ટી, એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કરી તેને સેનેટની વિચારણા માટે રજૂ કરવા આપેલ મંજૂરીને બહાલી આપવા બાબત.

Statute 97 (13) Faculty of Business Management (સંદર્ભ ભાગ)
20 . Research Metholdology
21 . Strategic Management
22 . Advance in Management

Statute 98 (13) Faculty of Business Management (સંદર્ભ ભાગ)
5 . M.Phil. Management

Statute 158 (13) Faculty of Business Management (સંદર્ભ ભાગ)
18 . M.Phil. Management

(નોંધ : ૧. ઉપરોકત સ્ટેચ્યુટસ સુધારા માન.કુલપતિશ્રીએ ફેકલ્ટી, એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ મંજૂર કરી સેનેટની વિચારણા અર્થે રજૂ કરવા મંજૂરી આપેલ છે.

૨. M.Phil. Management પોગ્રામના સંદર્ભે વિદ્યાશાખા, એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ પૈકી તારીખના ક્રમમાં જે અધિકાર મંડળની સભા પ્રથમ મળે તે અધિકાર મંડળમાં માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવાની જોગવાઈ માન.કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૦
મહેકમ–અ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં અઘ્યાપકોની મુદ્દત બ્રેક આપી ફરીથી ૧૧ માસ માટે લંબાવી આપ્યાના માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ :

| ક્રમ | અઘ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ભગીરથ માંજરીયા | હયુમન રાઈટસ ભવન | તા.૨૦/૧૦/૧૫ | તા. ૦૭/૧૨/૧૫ થી તા. ૦૬/૧૧/૧૬ |
| ૨ | આનંદ ચૌહાણ | કાયદા ભવન | તા.૨૪/૧૦/૧૫ | તા. ૦૭/૧૨/૧૫ થી તા. ૦૬/૧૧/૧૬ |
| ૩ | કોરડિયા ક્રિષ્ના ડી. | ફાર્મસી ભવન | તા.૦૮/૦૧/૧૬ | તા. ૧૮/૦૧/૧૬ થી તા. ૧૭/૧૨/૧૬ |
| ૪ | વૈષ્ણવ દેવેન્દ્ર જે. | ફાર્મસી ભવન | તા.૦૮/૦૧/૧૬ | તા. ૧૮/૦૧/૧૬ થી તા. ૧૭/૧૨/૧૬ |
| ૫ | ઠુંમ્મર કશ્યપ એન. | ફાર્મસી ભવન | તા.૦૮/૦૧/૧૬ | તા. ૧૮/૦૧/૧૬ થી તા. ૧૭/૧૨/૧૬ |
| ૬ | વિઠલાણી રોનક એમ. | ઈલેકટ્રોનિકસ ભવન | તા.૨૫/૧૧/૧૫ | તા. ૦૧/૦૧/૧૬ થી તા. ૩૦/૧૧/૧૬ |

યુનિવર્સિટીનાં ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદ્દત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૧ મહેકમ–અ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં અધ્યાપકોની મુદ્દત બ્રેક આપી ફરીથી ૧૧ માસ માટે લંબાવી આપ્યાના માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

(નોંધ :

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ડો.પાઠક શ્વેતા | બાયોસાયન્સ | તા.૧૫/૨/૧૬ | તા.૨૨/૨/૧૬ થી તા.૨૧/૧/૧૭ |
| ૨ | અન્નાસાહેબ મારૂતિ સૂર્યવંશી | આંકડાશાસ્ત્ર | તા.૧૦/૨/૧૬ | તા. ૧૮/૨/૧૬ થી તા. ૧૭/૧/૧૭ |

યુનિવર્સિટીનાં ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદ્દત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

૧૨ બાંધકામ એસ્ટેટ કમિટિની તા.૨૬/૦૨/૨૦૧૬ ને શુક્રવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૨૬/૦૨/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૨૬/૦૨/૨૦૧૬ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.**

૧૩ જોડાણ શ્રી અનુપમ દોશી, સેક્રેટરી, વિવેકાનંદ યુથ કલબનો તા.૧૧/૦૧/૨૦૧૬ ના પત્રની વિગતે થેલેસેમિયા રોગ ગંભીર બાબત છે તેમજ આ રોગ દિન પ્રતિદિન વધતો જોવા મળે છે, થેલેસેમિયા રોગનો ભોગ બનેલા બાળકોના પરિવાર આર્થિક, માનસિક અને સામાજીક રીતે ભાંગી જાય છે તેમજ થેલેસેમિયાના રોગનો ભોગ બનેલા બાળકોને મહિનામાં બે વાર લોહી ચડાવવું પડે છે અને તે ખર્ચાળ પણ છે, થેલેસેમિયા રોગને ડામવા માટે સહિયારો પ્રયત્ન કરવો જરૂરી છે.

યુનિવર્સિટીમાં ભૂતકાળમાં કોલેજમાં એડમિશન મેળવનાર તમામ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાત કરવામાં આવતા પરંતુ ત્યારબાદ ગમે તે કારણોસર થેલેસેમિયા ટેસ્ટ પ્રથા બંધ કરી દેવામાં આવી. જી.ટી.યુ. માં તમામ વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાત છે. સૌરાટ્ર યુનિવર્સિટીમાં આગામી નવા સત્રથી તમામ કોલેજોના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાત કરવાનો નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં લેવાય તે માટે સિન્ડિકેટ મેમ્બરો દ્વારા નિર્ણય લેવામાં આવે તે અંગે વિનંતી કરતા પત્ર અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાટ્ર યુનિવર્સિટીમાં આગામી નવા સત્રથી તમામ કોલેજોના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ ફરજીયાત કરવા માટેના સૂચનનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે થેલેસેમિયા ટેસ્ટ માટે બનાવેલી ત્રણ સભ્યો (૧) ડો.ભાવીનભાઈ એસ. કોઠારી, (૨) ડો.મનીષભાઈ મહેતા અને (૩) ડો.અમિતભાઈ હાપાણીની કમિટિમાં ડો.ગૌરવીબેન ધ્રુવ, પેથોલોજીસ્ટ, હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ, પી.ડી.યુ. સરકારી મેડીકલ કોલેજ, રાજકોટનો પણ સમાવેશ કરવો અને કમિટિ દ્વારા સદરહુ બાબતને વાસ્તવિક સ્વરૂપ કઈ રીતે આપી શકાય તેનો અહેવાલ શકય તેટલો વહેલો રજૂ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આગામી શૈક્ષણિક વર્ષ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સુવર્ણજયંતી વર્ષ હોઈ તે વર્ષમાં થેલેસેમિયા ટેસ્ટ માટે યુનિવર્સિટીના ભંડોળમાંથી જરૂરી ફાળવણી કરવા માટે વિચારણા કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રવેશ મેળવનાર બધા વિદ્યાર્થીઓનો ફરજીયાત પણે થેલેસેમિયા ટેસ્ટ થઈ શકે તે બાબતે નકકર આયોજન થઈ શકે તે માટે માન.કુલપતિશ્રી દ્વારા જે.બી.વી.સી.માં અને માન.રાજય સરકારશ્રીમાં રજૂઆત કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી અનુપમ દોશી, સેક્રેટરી, વિવેકાનંદ યુથ કલબનો સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓ દ્વારા આભાર માનવામાં આવેલ.**

**(નોંધ : શ્રી અનુપમ દોશી, સેક્રેટરી, વિવેકાનંદ યુથ કલબનો તા.૧૧/૦૧/૨૦૧૬ નો પત્ર પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૪ જોડાણ ડાયરેકટરશ્રી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ફાયર એન્જીનીયરીંગનો તા.૨૮/૧૨/૨૦૧૫ ના પત્રની વિગતે સંસ્થા છેલ્લા ૧૯ વર્ષથી કાર્યરત છે અને ડી.ટી.ઈ., મુંબઈ અને મહારાષ્ટ્ર બોર્ડ સાથે સંકળાયેલ છે. સંસ્થા હવે દેશમાં અલગ–અલગ જગ્યાએ ૧૩ બ્રાંચ શરૂ કરવા ઈચ્છતી હોય તે માટે તેઓને જામનગર ખાતે ફાયર એન્ડ સેફટી મેનેજમેન્ટ કોર્ષ શરૂ કરવો હોય તે માટેની પ્રોફાઈલ તૈયાર કરી અત્રે રજૂ કરેલ છે અને યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં જામનગર જીલ્લો આવતો હોય એન.ઓ.સી. આપવા વિનંતી કરેલ છે.

ફાયર એન્ડ સેફટી મેનેજમેન્ટ કોર્ષ શરૂ કરવા માટે કરેલ એન.ઓ.સી. માટેની અરજીમાં કોર્ષ ડીગ્રી/ડીપ્લોમાં/સર્ટીફીકેટ કેવા પ્રકારનો શરૂ કરવો છે તે અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેમજ ફાયર એન્ડ સેફટી મેનેજમેન્ટ કોર્ષનો સિલેબર્સ યુનિવર્સિટીમાં માન્ય થયેલ નથી.

સંસ્થાની ફાયર એન્ડ સેફટી મેનેજમેન્ટ કોર્ષ શરૂ કરવાની અરજી માટે એન.ઓ.સી. આપવા કરેલ વિનંતી અન્વયે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ડાયરેકટરશ્રી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ફાયર એન્જીનીયરીંગની વિનંતી ગ્રાહય રાખવી નહીં અને એન.ઓ.સી. આપવું નહીં.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ડાયરેકટરશ્રી, ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ ફાયર એન્જીનીયરીંગ પાસેથી ફાયર એન્ડ સેફટી મેનેજમેન્ટ કોર્ષનો અભ્યાસક્રમ મંગાવવો તેમજ સંસ્થા ઈચ્છે તો શૈક્ષણિક વર્ષ ૨૦૧૭–૧૮ થી જોડાણ માટે નિયમાનુસાર પ્રક્રિયા કરવી.**

**(નોંધ : ડાયરેકટરશ્રી, ઈન્ડિયન ઓફ ફાયર એન્જીનીયરીંગનો તા.૨૮/૧૨/૨૦૧૫ નો પત્ર પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૫ પરીક્ષા–૨ યુનિવર્સિટીના ઓર્ડિનન્સ ૧૬૧–ડી હેઠળ રચાયેલ એકઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટિની તા.૦૩/૦૨/૨૦૧૬ને બુધવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એકઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટિની તા.૦૩/૦૨/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એકઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટિની તા.૦૩/૦૨/૨૦૧૬ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે.**

૧૬ મહેકમ–બ ઓર્ડિનન્સ–૧૮૬ મુજબ રચાયેલ સ્ટાફ જોઈન્ટ કન્સલ્ટેટીવ કમિટિની તા.૩૦/૧૨/૨૦૧૫ ને બુધવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ જોઈન્ટ કન્સલ્ટેટીવ કમિટિની તા.૩૦/૧૨/૨૦૧૫ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : સ્ટાફ જોઈન્ટ કન્સલ્ટેટીવ કમિટિની તા.૩૦/૧૨/૨૦૧૫ના રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.**

૧૭ ઓડિટ યુનિવર્સિટીના સને ૨૦૧૧–૧૨નાં વર્ષના સ્થાનિક ભંડોળ હિસાબ, રાજકોટ તથા ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩નાં વર્ષનાં એ.જી. ઓડિટ, રાજકોટ દ્વારા અપાયેલ અહેવાલો જોઈ જવા તથા કાર્યાલય તરફથી તેના તૈયાર કરવામાં આવેલ જવાબો પરત્વે વિચારણા કરવા બાબતે નિયત થયેલ કમિટિનાં અહેવાલની નોંધ લેવા બાબત તથા આગામી સેનેટમાં રજૂ કરવા બાબત.

**(નોંધ :** ૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ–૫૦(૨) અનુસાર આ યુનિવર્સિટીનાં સને ૨૦૧૧–૧૨નાં વર્ષના ગ્રાન્ટ ફંડ, જનરલ ફંડ તેમજ સામાન્ય ભવિષ્યનીધિના ગુજરાત સરકારશ્રીના સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા હિસાબોની ચકાસણી બાદના આવેલ ઓડિટ રીપોટર્સ અન્વયે તેમજ સને ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩નાં વર્ષનાં એ.જી. ઓડિટ રીપોર્ટસ અન્વયે કાર્યાલય તરફથી સદરહુ ઓડિટ રીપોર્ટસનાં તૈયાર કરવામાં આવેલ જવાબો રીપોર્ટ સાથે જોઈ જવા અંગે નિમેલી સમિતિની સભા તા.૨૩/૦૨/૨૦૧૬નાં રોજ મળેલી હતી, તે અંગેની રીપોર્ટસ સાથેની મિનિટસ અંગે વિચારણા કરવા તથા રીપોર્ટ તથા જવાબો આગામી સેનેટની સભા સમક્ષ મુકવા અંગે નિર્ણય કરવા બાબત.

૨. અહેવાલ તથા કાર્યાલય તરફથી તેના તૈયાર કરવામાં આવેલા જવાબો સભા સમયે રજૂ કરવામાં આવશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સને ૨૦૧૧–૧૨ના સ્થાનિક ભંડોળના ઓડિટ રીપોટર્સ તેમજ ૨૦૧૦–૧૧, ૨૦૧૧–૧૨ અને ૨૦૧૨–૧૩નાં વર્ષનાં એ.જી. ઓડિટ અહેવાલ અને તે અંગે તૈયાર કરવામાં આવેલ જવાબો અંગે નિમાયેલ સમિતિની તા.૧૦/૦૨/૨૦૧૫ની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવી તેમજ તે સેનેટ અને રાજય સરકારશ્રી સમક્ષ રજૂ કરવા.**

૧૮ મહેકમ–અ ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૨૦૧૦/ ૨૪૭૫/ખ તા.૨૭/૧/૧૬ થી રાજયની સરકારી કોલેજોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓનાં મહેનતાણાંના દરની મહતમ માસિક મર્યાદા ₹૫,૦૦૦/– થી વધારીને ₹૧૫,૦૦૦/– કર્યાનાં ઠરાવનો અમલ યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં આવતા મુલાકાતીઓ અધ્યાપકોને પણ લાગુ કર્યાના માન.કુલપતિશ્રીનાં કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ : રાજય સરકારશ્રી હસ્તકની સરકારી કોલેજોમાં નિયમિત ધોરણે ફરજ બજાવતાં વ્યાખ્યાતાઓને કાર્યભાર સોંપતા વધારાના જે તાસ બાકી રહે તેના માટે મુલાકાતી વ્યાખ્યાતાઓ (વિઝીટીંગ ફેકલ્ટી) ના મહેનતાણાના દરમાં શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૨૦૧૦/૨૪૭૫/ખ તા.૧૨/૧૧/૧૪ થી અનુસ્નાતક અભ્યાસક્રમ માટે તાસ દીઠ ₹૧૦૦/– ના બદલે ₹૩૦૦/– મુજબ સુધારવામાં આવ્યા હતા પરંતુ માસિક મહતમ મર્યાદા ₹૫,૦૦૦/– યથાવત રાખવામાં આવેલ.

રાજય સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક એનજીસી/૧૧૨૦૧૦/ ૨૪૭૫/ખ તા.૨૭/૧/૧૬ થી મુલાકાતી (વિઝીટીંગ) વ્યાખ્યાતાઓને બોલાવવા માટેની મહતમ માસિક ₹૫,૦૦૦/– ની મર્યાદા વધારીને ₹૧૫,૦૦૦/– કરવામાં આવેલ છે. જેનો અમલ યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોમાં કરવા માટે માન.કુલપતિશ્રીએ આપેલ આદેશની નોંધ લેવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન.રાજય સરકારશ્રીના ઠરાવનો ઠરાવની તારીખથી અમલ કર્યાના માન. કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યની નોંધ લીધી.**

**(નોંધ : તા.૨૭/૦૧/૨૦૧૬ નો ઠરાવ પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૯ મહેકમ–અ યુનિવર્સિટીના પત્રકારત્વ અનુસ્નાતક ભવનમાં "વોક ઈન ઈન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે માસિક ₹૨૫,૦૦૦/– ફીકસ વેતનથી નિમણૂંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નિમણૂંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧. | પત્રકારત્વ ભવન | તા.૧૫/૨/૧૬ | તા.૧૯/૨/૧૬ | કુ. તૃપ્તિ બી. વ્યાસ | ₹૨૫,૦૦૦/– માસિક ફીકસ |

(નોંધ : પત્રકારત્વ અનુસ્નાતક ભવનમાં કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક)ની જગ્યા ભરવા માટે ઉપર્યુકત વિગતે "વોક ઈન ઈન્ટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ માસિક ₹૨૫,૦૦૦/– ના ફીકસ વેતનથી આ જગ્યા ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીનાં આદેશ મુજબ નિમણૂંક પત્ર રવાનાં કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક)ની જગ્યા ભરવા માટે નિયમાનુસારની ભરતી પ્રક્રિયા વેકેશન દરમ્યાન પૂર્ણ કરવી અને સત્ર શરૂ થાય ત્યારે અધ્યાપક જોડાઈ શકે તે અનુસાર સત્ર શરૂ થયા પહેલા ઓર્ડર ઈસ્યુ કરવા.**

૨૦ મહેકમ–બ આ યુનિવર્સિટીના નાયબ કુલસચિવ ડો.જી.કે.જોશીને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,ગોધરા ખાતે પ્રથમ કુલસચિવ તરીકે તથા નાયબ કુલસચિવ શ્રી આર.જી.પરમારને ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતે પ્રથમ કુલસચિવ તરીકે એમ બન્નેને ત્રણ વર્ષ માટે પ્રતિનિયુકિતના ધોરણે નિમણૂંક મળેલ છે તેની નોંધ લેવા બાબત.

**નોંધ :** ૧. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૯/૦૧/૨૦૧૬ના જાહેરનામા નં.GH/SH/4/EPU/2015/173(iii)/kh1 થી નાયબ કુલસચિવ ડો.જી.કે.જોશીને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે પ્રથમ કુલસચિવ તરીકે જોડાયા તારીખથી ત્રણ વર્ષ માટે પ્રતિનિયુકિતના ધોરણે નિમણુંક મળેલ છે.

૨. ડો.જી.કે.જોશીને મહેકમ વિભાગના તા.૦૪/૦૨/૨૦૧૬ના કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૬/૧૪૭૯/૨૦૧૬ થી તા.૦૪/૦૨/૨૦૧૬ના રોજ કાર્યાલય સમય બાદ મુકત કરવામાં આવેલ છે.

૩. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૯/૦૧/૨૦૧૬ના જાહેરનામા નં.GH/SH/4/EPU/2015/173(ii)/kh1 થી નાયબ કુલસચિવ શ્રી આર.જી.પરમારને ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,જુનાગઢ ખાતે પ્રથમ કુલસચિવ તરીકે જોડાયા તારીખથી ત્રણ વર્ષ માટે પ્રતિનિયુકિતના ધોરણે નિમણુંક મળેલ છે.

૪. શ્રી આર.જી.પરમારને મહેકમ વિભાગના તા.૦૪/૦૨/૨૦૧૬ના કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૬/૧૪૭૮/૨૦૧૬ થી તા.૦૪/૦૨/૨૦૧૬ ના રોજ કાર્યાલય સમય બાદ મુકત કરવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુકત કાર્યની નોંધ લીધી.**

૨૧ મહેકમ–બ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી અન્ય બહારગામના સ્થળે પ્રતિનિયુકિત (ડેપ્યુટેશન) પર જતા કર્મચારી/અધિકારીશ્રીને ટ્રાન્સફર ટી.એ., કમ્પોઝીટ ટ્રાન્સફર, જોઈનીગ ટાઈમ ઈત્યાદિ ગુજરાત મુલ્કી સેવા નિયમો–૨૦૦૨ મુજબ ચૂકવવા વિચારણા કરવા બાબત.

**નોંધ :** ૧. ઉકત બાબતે ગુજરાત મુલ્કી સેવા (રાજયેતર સેવા) નિયમો–૨૦૦૨માં પ્રતિનિયુકિત અંગે પ્રમાણભુત બોલીઓ અને શરતોમાં નીચે મુજબ જોગવાઈ થયેલ છે.

**૯.** પ્રતિનિયુકિતની જગા પર હાજર થવા માટેના તેમજ રાજય સરકારમાં પ્રતિનિયુકિત પરથી પરત આવતાં, રાજય સરકારના નિયમો અથવા અન્ય સરકાર/કંપનીઓ/ કોર્પોરેશન વગેરેના નિયમો મુજબ તે મુસાફરી ભથ્થા અને હાજર થવાના સમયનો પગાર મેળવવા તેઓ હકદાર થશે.

**૧૦.** પ્રતિનિયુકિતના સમયગાળા દરમ્યાન તેમને રાજય સરકારના નિયમો હેઠળ અથવા વિકલ્પે રાજય સરકાર/કંપનીઓ/કોર્પોરેશન વગેરેના નિયમો હેઠળ મુસાફરી ભથ્થાં મેળવવા તેઓ હકદાર થશે.

૨. ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા.૨૩/૦૪/૨૦૧૫ના ઠરાવ નં.PGR/1009/ /82/CH માં (૧) Travaling Allowance on Transfer ના સંદર્ભે નીચે મુજબની બાબતોની જોગવાઈઓ થયેલ છે.

(A) Accommodation and Mileage Allowance entitlements:

(B) Composite Transfer Grant and Packing Allowance:

(C) Transportation of personal Effects:

(D) Transportation of conveyance:

૩. એક મથકેથી બીજા મથકે સરકારી કર્મચારીની બદલી સંકળાયેલ હોય તેવા પ્રસંગો માટે ગુજરાત મુલ્કી સેવા નિયમો–૨૦૦૨ માં જોઈનીગ ટાઈમ અંગેની જોગવાઈ થયેલ છે.

૪. યુનિવર્સિટીના ડેપ્યુટેશનના જુના નિયમો જે તા.૦૯/૦૬/૮૪ની સિન્ડિકેટની સભાના ઠરાવ નં.૨૯ થી મંજૂર થયેલ તેમાં આ બાબતે નીચે પ્રમાણે જોગવાઈ છે.

9. "The employee will be entitled to travelling allowance and joining time pay on joining the post of deputation as well as on reversion to the Saurashtra University under the rules of Saurashtra University or as per rules of the Institution. The expenditure on this account will be borne by the Institution."

૫. યુનિવર્સિટીના ડેપ્યુટેશનના નવા નિયમો જે તા.૨૩/૦૩/૨૦૧૫ની સભાના ઠરાવ નં.૧૪ થી મંજૂર થયેલ છે. તેમા સર્વિસ મેટર અંગે નીચે પ્રમાણે જોગવાઈ થયેલ છે.

૭. "સર્વિસ મેટર્સ જેવી કે લોન, પેશગી, જીપીએફ,ગ્રચ્યુઈટી,પેન્શન ફાળો, રજા પગાર, રજા, રજા પ્રવાસ રાહત, વીમા વગેરે બાબતો અંગે યુનિવર્સિટી/રાજય સરકારશ્રીની જોગવાઈઓ / નિયમો લાગુ પડશે."

૬. યુનિવર્સિટીના લિયન અને ડેપ્યુટેશનના નવા નિયમોમાં ઉપર્યુકત બાબતોની જોગવાઈઓ નિયત થયેલ ન હોઈ આ જોગવાઈઓ નિયત કરવી આવશ્યક છે.

૭. આ યુનિવર્સિટીના નાયબ કુલસચિવશ્રી ડો.જી.કે.જોશી સને–૨૦૧૫માં સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત,ગાંધીનગર ખાતે ડેપ્યુટેશન ઉપર ગયા હતા. ત્યાં હાજર થતી વેળા તેઓને ઉપર્યુકત લાભો સેન્ટ્રલ યુનિવર્સિટીમાંથી મળેલા છે, જયારે ત્યાંથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરત

જોડાયા તે સંદર્ભે આ લાભો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી મળવા તેઓએ વિનંતી કરેલ છે.

ઉપરાંત ડો.જી.કે.જોશીની પ્રથમ કુલસચિવ તરીકે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ, ગાંધીનગર ધ્વારા ડેપ્યુટેશન ઉપર નિમણૂંક થતાં આ યુનિવર્સિટીમાંથી બદલી વળતર ભથ્થાં પેટે એક માસનો પગાર મળવા ડો.જી.કે.જોશીએ વિનંતી કરેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે માન.રાજય સરકારશ્રીનું માર્ગદર્શન મેળવવું.**

૨૨ હિસાબ — ફાઈનાન્સ કમિટિની તા.૨૬/૦૨/૨૦૧૬ ને શુક્રવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો નાણાકિય વર્ષ ૨૦૧૪–૧૫નો વાર્ષિક હિસાબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેના નાણાકિય વર્ષ ૨૦૧૫–૧૬ના પુનઃ નિર્મિત અંદાજો તથા વર્ષ ૨૦૧૬–૧૭નું અંદાજપત્ર મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૬/૦૨/૨૦૧૬ની સભાની ભલામણો નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નાણાકિય વર્ષ ૨૦૧૪–૧૫નો વાર્ષિક હિસાબ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેના નાણાકિય વર્ષ ૨૦૧૫–૧૬ના પુનઃ નિર્મિત અંદાજો તથા વર્ષ ૨૦૧૬–૧૭નું અંદાજપત્ર સુધારા સાથે મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આગામી ક્રિકેટ ટુર્નામેન્ટ (સૌરાષ્ટ્ર પ્રિમિયર લીગ) અને સ્ટુડન્ટ ડેવેલોપમેન્ટ પ્રોગ્રામના ખર્ચની વર્ષ ૨૦૧૬–૧૭ના અંદાજપત્રમાં જોગવાઈ કરવી.**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૬/૦૨/૨૦૧૬ના રોજ મળેલ સભાની ભલામણો અને ઉપરોકત બાબતોનું પરિશિષ્ટ "૧૨" તરીકે આ સાથે સામેલ છે.**

૨૩ પરીક્ષા–૨ — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી મેડીકલ ફેકલ્ટી હેઠળની ફીઝીયોથેરાપી તથા નર્સિંગ યુ.જી. તથા પી.જી. પરીક્ષાની પરીક્ષા ફોર્મ ફી મેડીકલ (એમ.બી.બી.એસ.) સમકક્ષ રાખી, મેડીકલનાં પ્રાશ્નિક/પરીક્ષકોને આપવામાં આવતી વધારાની સુવિધા આપવી કે કેમ ? તે અંગે વિચારણા કરી ભલામણ કરવા માટે સિન્ડિકેટે તેની તા.૦૧/૧૦/૧૫ તથા તા.૧૦/૧૨/૨૦૧૫ના સભામાં નિમેલા પેટા કમિટિની તા.૨૫/૦૧/૨૦૧૬ની સભા દ્વારા થયેલ ઠરાવ ઉપર વિચારણા કરવા અંગે.

**નોંધ :** **૧.** સિન્ડિકેટ દ્વારા નીચેના સભ્યોની પેટા કમિટિમા નિમણૂંક કરવામાં આવેલ.

૦૧. શ્રી નેહલભાઈ શુકલ ૦૨. ડૉ. ગિરીશભાઈ ભીમાણી
૦૩. ડૉ. વિજયભાઈ ભટાસણા ૦૪. ડૉ. મનીષભાઈ મેહતા
૦૫. ડૉ. અમીતભાઈ હાપાણી ૦૬. ડૉ. ભાવીનભાઈ કોઠારી

**૨.** ઉપરોકત સભ્યોની કમિટિ દ્વારા તા. ૨૫/૦૧/૨૦૧૬ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ થયેલ છે.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી મેડીકલ ફેકલ્ટી હેઠળની ફીઝીયોથેરાપી તથા નર્સિંગ કોર્ષની પરીક્ષાઓ માટે હાલ પરીક્ષા ફી યથાવત રાખવી તથા આપવામાં આવતા અન્ય લાભો માટે સરકારશ્રીની હાલની જોગવાઈ તથા યુનિવર્સિટી દ્વારા મેડીકલ તેમજ ડેન્ટલની પરીક્ષાઓ માટે થયેલ જોગવાઈ પૈકી જે ન્યુનત્તમ હોય તે માન્ય રાખવું.

**૩. (એ) યુનિવર્સિટી દ્વારા મેડીકલ પરીક્ષાનાં પ્રાશ્નિક/પરીક્ષકોને નીચે પ્રમાણેની વધારાની સુવિધા (લાભ) આપવામાં આવે છે.**

૧. પ્રાયોગિક પરીક્ષાનાં ચેરમેનને મહેનતાણા પેટે ₹૫૦૦/–
૨. આકસ્મીક ખર્ચ (ચા–નાસ્તો–જમવાના) પરીક્ષક દીઠ દૈનિક ₹૨૦૦/–

૩. હોટલમાં ઉતારા માટે દૈનિક ₹૧૫૦૦/– હોટલનાં ભાડા પેટે.

૪. પ્રાશ્નિક/પરીક્ષકોને Own Car મુસાફરી દ્વારા મુસાફરી કરવાની તથા રોડ માઈલેજ પ્રમાણે મુસાફરીની ચુકવણી.

૫. પોસ્ટ ગ્રેજયુએટ કોર્ષની પરીક્ષા લેવા માટે બહારનાં રાજયમાંથી આવતા પરીક્ષકોને વિમાન ધ્વારા મુસાફરી તથા ઈકોનોમિક કલાસનું એરફેરની ચુકવણી.

ઉપરોકત મુદ્દા નં. (૨) તથા (૩)ની સુવિધાને કારણે દૈનિક ભથ્થું ચુકવવામાં આવતું નથી.

**(બી) સરકારશ્રીની જોગવાઈ**

ઉપરોકત સુવિધાઓ પૈકી (૧) અને (૨) માટે સરકારશ્રીમાં કોઈ જોગવાઈ નથી.

૩. હોટલમાં ઉતારા માટે સરકારશ્રીમાં ગ્રેડ પે ધ્યાનમાં રાખી અલગ અલગ કેટેગરી વાઈસ શહેરમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. Own Car દ્વારા મુસાફરી માટે સરકારશ્રીમાં ગ્રેડ પે ને ધ્યાનમાં રાખી મુસાફરી માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

૫. વિમાન દ્વારા મુસાફરી માટે સરકારશ્રીમાં થયેલ જોગવાઈ પ્રમાણે ₹૭૬૦૦/–થી વધારે ગ્રેડ પે ધરાવતા કર્મચારીની વિમાન દ્વારા મુસાફરી માન્ય કરવામાં આવી છે. જયારે ₹૬૬૦૦/– થી ₹૫૪૦૦/– ગ્રેડ પે ધરાવતા કર્મચારીને જો તેમની મુસાફરી ૫૦૦ કી.મી.થી વધારે હોય તો વિમાન દ્વારા મુસાફરી માન્ય છે.

ઉપરોકત બન્ને બાબતોની તુલના કરવામાં આવે તો સરકારશ્રીની હાલની જોગવાઈ ન્યૂનત્તમ ગણી શકાય.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી મેડીકલ ફેકલ્ટી હેઠળની ફીઝીયોથેરાપી તથા નર્સિંગ યુ.જી. તથા પી.જી. પરીક્ષાની પરીક્ષા ફોર્મ ફી મેડીકલ (એમ.બી.બી.એસ.) સમકક્ષ રાખી, મેડીકલનાં પ્રાશ્નિક/પરીક્ષકોને આપવામાં આવતી વધારાની સુવિધા આપવી.**

૨૪ પરીક્ષા સેલ — પારિતોષીક આપવા અંગેની શરતોમાં સુધારો કરવા માટેનો નવી શરતનો મુસદ્દો તથા નવી શરતોને મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે પારિતોષીક આપવા અંગેની શરતોમાં સુધારો કરવા માટેનો નવી શરતનો મુસદ્દો તથા નવી શરતોને મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સી.બી.સી.એસ. પદ્ધતિ અમલમાં આવ્યા પછી પારિતોષીક/ગોલ્ડમેડલ આપવા સંદર્ભમાં ધોરણો નકકી કરવા અંગે રચવામાં આવેલ સમિતિ દ્વારા શકય તે ત્વરીત અહેવાલ રજૂ કરવો.**

**(નોંધ : નવી શરતનો મુસદ્દો પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૫ પી.જી.ટી.આર. — બી.યુ.ટી.ની તા.૧૦/૦૩/૨૦૧૬ ને બુધવારના રોજ મળેલ સભાની ભલામણો મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે બી.યુ.ટી.ની તા.૧૦/૦૩/૨૦૧૬ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : બી.યુ.ટી.ની તા.૧૦/૦૩/૨૦૧૬ની સભાની ભલામણો પરિશિષ્ટ "૧૪" તરીકે આ સાથે સામેલ છે.)**

**માન.અધ્યક્ષશ્રીની પરવાનગીથી નીચે મુજબની આઈટમ પર ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી.**

૨૬ જોડાણ આચાર્યશ્રી, શીવધારા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત, ચાણકય બી.એડ.કોલેજ, રાજકોટ, જુન–૨૦૧૨થી નીચેની વિગતે કોલેજ બંધ કરવા તેમજ એફ.ડી.આર. છુટ્ટી કરવા આવેલ અરજી તથા તે પરત્વેના સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

**જોડાણની વિગત :–**
શિક્ષણ વિદ્યાશાખા
બી.એડ.પદવીના અભ્યાસક્રમ

નોંધ : ૧. સ્થાનિક તપાસ સમિતિના બે સભ્યશ્રીઓનો તા.૧૧/૦૩/૨૦૧૬નો અહેવાલ તા.૧૧/૦૩/૨૦૧૬ના રોજ અત્રે મળેલ છે. કોલેજ બંધ કરવા તેમજ એફ.ડી.આર. છુટ્ટી કરવા ભલામણ કરેલ છે.

૨. હાલ બી.એડ. અભ્યાસક્રમમાં કોઈપણ વિદ્યાર્થી કે અધ્યાપક ઉપલબ્ધ નથી.

૩. એન.સી.ટી.ઈ.નો તા.૧૫/૦૨/૨૦૧૨નો માન્યતા રદનો પત્ર સામેલ છે.

૪. કોલેજનું વર્ષ ૨૦૦૯–૧૦, ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં બી.એડ. અભ્યાસક્રમમાં કોલેજને વિદ્યાર્થીઓ ફાળવેલ છે. ઉકત વર્ષનું જોડાણ મંજૂર કરવાનું રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે શીવધારા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત, ચાણકય બી.એડ.કોલેજ, રાજકોટ, જુન–૨૦૧૨થી સ્થાનિક તપાસ સમિતિના અહેવાલને આધારે ઉપર્યુકત જોડાણની વિગતે કોલેજ બંધ કરીએ અને એફ.ડી.આર. પરત/છુટ્ટી કરીએ.**

**(નોંધ : સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ પરિશિષ્ટ "૧૫" તરીકે આ સાથે સામેલ છે.)**

## મુકત ચર્ચા વિચારણા

ઉપરોકત સિન્ડિકેટની સભાની કામકાજની યાદી ઉપરની કાર્યવાહી પૂર્ણ થયા બાદ સભ્યશ્રીઓની મુકત ચર્ચાના અંતે નીચે મુજબ નિર્ણયો કરવામાં આવેલ હતાં.

૨૭ **આથી ઠરાવવામાં આવે છે કે કોન્વોકેશન બિલ્ડિંગનું કામ અધુરૂ છે તે પુરૂ કરી ઓપન એર થીયેટર બનાવવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેનો ખર્ચ યુનિવર્સિટી વિકાસ ફંડમાંથી કરવો.**

૨૮ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ખાતે ૧૫૦૦ થી ૨૦૦૦ બેઠક ક્ષમતાવાળુ ઓડિટોરીયમ બનાવવું.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ઓડિટોરીયમમાં પડઘા પડવાના પ્રશ્નો ઉપસ્થિત ન થાય અને યોગ્ય હાઈટ હોય તે અંગે કાળજી લેવા પી.એમ.સી.ને જાણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેનો ખર્ચ યુનિવર્સિટી વિકાસ ફંડમાંથી કરવો.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબત માટે જો કોઈ દાતાશ્રી તરફથી ૨૫% કે વધુ રકમનું દાન આપવામાં આવે તો તે દાતાશ્રીનું નામ ઓડિટોરીયમ ઉપર લખવું.

૨૯ આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજ સંચાલક એશોસીએશનના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ સૌરાષ્ટ્ર પ્રિમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટના સફળ આયોજન માટે માન.કુલપતિશ્રી, શ્રી નેહલભાઈ શુકલ, શ્રી નિદત્તભાઈ બારોટ અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર રાત્રી મેચ રમી શકાય તે માટે આંતરરાષ્ટ્રિય કક્ષાની હાઈમાસ્ટ લાઈટ સિસ્ટમની વ્યવસ્થા કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે અમદાવાદ સ્થિત મોટેરા સ્ટેડિયમનું રીનોવેશન થતુ હોય ત્યાંની હાઈમાસ્ટ લાઈટ સિસ્ટમ ઉપલબ્ધ થાય તો તે ખરીદ કરી અત્રેના ક્રિકેટ ગ્રાઉન્ડમાં લગાવવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેનો ખર્ચ યુનિવર્સિટી વિકાસ ફંડમાંથી કરવો.

૩૦ આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યક્ષેત્ર હેઠળના તમામ જીલ્લા મથકોએ સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામનું સફળતા પૂર્વક આયોજન કરવા માટે માનનીય કુલપતિશ્રી, ડો.મેહુલભાઈ રૂપાણી અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આગામી અંદાજપત્રમાં સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ માટે રકમની ફાળવણી કરવી.

૩૧ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુખ્ય કાર્યાલયના એકસટેન્ડેડ બિલ્ડિંગ ઉપર "સૌરાષ્ટ્ર યુનિવર્સિટી" નામ લાઈટીંગ સહિત દર્શાવવું.

૩૨ આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની બાજુમાંથી નર્મદાના પાણીની પાઈપલાઈન આવેલી હોય તેમાંથી નર્મદાના પાણી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મેઈન બિલ્ડિંગ અને સ્ટાફ કવાર્ટસ, હોસ્ટેલ માટે ઉપલબ્ધ થાય તે માટે સબંધિત અધિકારીશ્રીનો સંપર્ક કરી તે માટે પ્રયત્નો કરવા.

૩૩ આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર જે સત્તાધિશોના નામ ગુજરાતીમાં દર્શાવેલા છે તે અંગ્રેજીમાં દર્શાવવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વેબસાઈટમાં જરૂરી સુધારા–વધારા સુચવવા માટે અને તેનું ફોલો–અપ લેવા માટે શ્રી ધરમભાઈ કાંબલીયાને જવાબદારી આપવી.

૩૪ આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટની સભાનો તમામ પત્ર વ્યવહાર હવેથી માત્ર ઈ ફોર્મેટમાં કરવાનો રહેશે.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટના તમામ સભ્યશ્રીઓને તેઓની ટર્મ પુરી થાય ત્યાં સુધી લેપટોપ આપવા.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આ લેપટોપના Configuration બાબતે ડો. મેહુલભાઈ રૂપાણી અને ડો. એન.વી.જોબનપુત્રાએ અહેવાલ રજૂ કરવો.

૩૫ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુખ્ય કાર્યાલય પાસે ટ્રાફીક સમસ્યા ન થાય તે અનુસાર સીટી બસ સ્ટેન્ડ બનાવવું.

૩૬ આથી ઠરાવવામાં આવે છે કે જોડાણ માટે આવેલી નવી અરજીઓના સંદર્ભમાં જે તે વિસ્તારની જરૂરીયાત ચકાસી તદઅન્વયે એલ.આઈ.સી.ની રચના કરવી.

૩૭ આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કોમ્પ્યુટર વિષય સાથેનાં ડીગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમો પસાર કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને **CCC/CCC+** ની પરીક્ષામાંથી મુક્તિ આપવા માટે માન. રાજય સરકારશ્રીને દરખાસ્ત કરવી.

અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

કુલસચિવ

નં.:સિન્ડિકેટ/૧૮૮/૨૦૧૬
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ.
તા.૧૬/૦૩/૨૦૧૬

પ્રતિ,
સિન્ડિકેટનાં સર્વે સભ્યશ્રીઓ તરફ...

નકલ રવાના ::–
૧. માન.કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.



E:\Syndicate\2016\1. Dt. 15-03-16\5. Minits.docx ~ 19 ~